આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૪૧ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૩, ગુરૂવાર; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

શિખામણથી નથી શિખતું એટલું બાળક અનુકરણથી શીખે છે
- વર્ક

રાજ્ય અંદાજપત્રમાં ૨૪૫ કરોડની રાહતો

૨૮૯ કરોડના નવા વેરા:૨૦૧૩-૧૪ના સામાન્ય અંદાજપત્રનું કદ ૧,૧૪,૪૫૦ કરોડ:

નાણાપ્રધાન નિતીન પટેલે પેટ્રોલ-ડિઝલ-સીએનજીમાં વેટની કોઇ રાહત આપી નહીં

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૦

ગુજરાત સરકારના ૨૦૧૩-૧૪ના સામાન્ય અંદાજપત્રમાં નાણામંત્રી નિતીન પટેલે રાજ્યની પ્રજાને ૨૪૫ કરોડની રાહતો આપી છે અને ૨૮૯ કરોડના કરવેરાનું ભારણ વધાર્યું છે, જો કે તે ભારત સામાન્ય જનતાના માથે નહીં જયારે વાર્ષિક યોજનાનું કદ ૫૮,૫૦૦ કરોડ થવા જાય છે.

૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીને લક્ષ્યમાં રાખીને ભાજપની સરકારે પ્રજા ઉપર કરવેરા નાખ્યા નથી પરંતુ પેટ્રોલ, ડિઝલ અને સીએનજીમાં મોંઘવારીનો ભાર વહન હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રાજયના આગામી વર્ષના અંદાજપત્રનું કદ ૧,૧૪,૪૫૦ કરોડનું નક્કી કરવામાં આવ્યું છે. બજેટમાં નવી મહત્વની યોજનાઓનો અભાવ છે પણ મેટ્રોરેલ બાબતે સરકારનો ઝડપી અભિગમ વ્યક્ત થાય છે.

સરકારે એવો દાવો કર્યો છે કે વિકાસલક્ષી ખર્ચ વધીને ૭૬,૬૭૯ કરોડ થયો છે, જ્યારે મહેસૂલી આવક વધીને ૮૫૭૫૨ કરોડની થઇ છે. રાજયના તમામ કરવેરાઓની આવક ૬૦,૨૦૮ કરોડ થવાનો અંદાજ બાંધવામાં આવ્યો છે.

વૈશ્વિક અવસરોને આત્મસાત કરી શકે તેવી યુવાશક્તિની સજ્જતા બજેટમાં કેળવવામાં આવી છે. કૃષિ ક્ષેત્રે સરકારે ૩૨૦૦ કરોડનું આયોજન કર્યું છે. સૌરાષ્ટ્રની નર્મદા જળથી જળાશયો ભરવાની ૧૦,૦૦૦ કરોડની સૌની યોજનાનો બજેટમાં અમલ કરવામાં આવ્યો છે. શિક્ષણમાં ૩૮૫૦ કરોડ અને આરોગ્યમાં ૩૮૦૦ કરોજની જોગવાઇ કરવામાં આવી છે.

ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગ માટે રાજય સરકારે બાજેટમાં ૪૪૦૦ કરોડ ખર્ચવાનું આયોજન કર્યું છે. વાર્ષિક યોજનામાં સૌથી મોટો ૨૪,૫૮૬ કરોડનો હિસ્સો સામાજીક સેવાઓ પાછળ ફાળવ્યો છે. બીજી ૧૨,૬૬૦ કરોડની રકમ સિંચાઇ અને પૂર નિયંત્રણના કામો માટે વાપરવાનું આયોજન છે.

સરકારે ટેક્સના આયોજનમાં વેલ્યુ એડેડ ટેક્સમાં બીજી કોઇ રાહત આપી નથી પરંતુ ઉચ્ચક વેરો ભરતા વેપારીઓની ટર્નઓવરની મર્યાદા ૫૦ લાખ થી વધારીને ૭૫ લાખ કરતાં સરકારને ૮૮ કરોડનું નુકશાન જશે. સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિના સાધનો માટે વેરામાફી કરતાં ૧૦ કરોડ, વિદ્યાર્થીઓના અભ્યાસ માટેની ચીજોમાં માફી આપતાં ૧૦ કરોડ, વ્યવસાય વેરામાં ૬૦૦૦ સુધીના પગારદારોને રાહત આપતાં ૧૦ કરોડની રાહતો મળવાપાત્ર છે.

બીજી તરફ સરકારે કેટીવ વીજ ઉત્પાદન ઉપર વીજ કર ૪૦ પૈસાથી વધારીને ૫૫ પૈસા કરતાં સરકારને ટેક્સ પેટે ૨૫૫ કરોડની માતબર આવક થવાનો અંદાજ છે. સિગારેટ ઉપર ૨૫ ટકા ટેક્સ હતો તેમાં પાંચ ટકાનો વધારો કરતાં સરકારને ત્રણ કરોડ મળશે. સેકન્ડ હેન્ડ વાહનોમાં એક ટકો વેરો વધારતાં બે કરોડ પ્રાપ્ત થશે. કાર્બન ક્રેડીટમાં પાંચ ટકાનો દર લાગુ કરવામાં આવ્યો છે.

પેટ્રોલ-ડિઝલ અને સીએનજીમાં વેટ ઘટાડવા સરકારનો ઇન્કાર

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૦

ગુજરાતનું આગામી વર્ષનું બજેટ તમામ સમાજ અને તમામ વર્ગને લક્ષ્યમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું હોવાનો દાવો કરતાં નાણા પ્રધાન નિતીન પટેલે કહ્યું હતું કે આ બજેટ પ્રજા અને વિકાસ લક્ષી છે.

પેટ્રોલ-ડિઝલ અને સીએનજીમાં વેટના દરો ઘટાડવા અંગેના એક પ્રશ્નના જવાબમાં નિતીન પટેલે કહ્યું હતું કે કેન્દ્ર સરકારની નિતીઓના કારણે રાજયની પ્રજા પણ મોંઘવારી અનુભવે છે. હાલના તબક્કે વેટ ઘટાડવાની સરકારની કોઇ નિતી નથી.

કેન્દ્ર સરકારે સીએસટી પેટે નિકળતા ૩૫૮૪ કરોડ હજી ગુજરાતને આપ્યા નથી ત્યારે વેટમાં કોઇ ઘટાડો શક્ય નથી તેવું કહી નાણા વિભાગના અગ્રસચિવ હસમુખ અઢિયાએ કહ્યું હતું કે જીએસટીનો અમલ કરતાં પહેલાં કેન્દ્રએ રાજ્યને તેના બાકી લેણાં આપી દેવા જોઇએ.આ અધિકારીએ બે ટકા ઇનપુટ ટેક્સ ક્રેડિટ પણ દૂર નહીં થાય તેવી ચોખવટ કરી છે.

૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી વખતે સંકલ્પપત્રમાં કરાયેલી જાહેરાત પ્રમાણે એફોર્ડેબલ હાઉસિંગની યોજનામાં પાંચ વર્ષમાં તમામ કામો પૂર્ણ કરાશે. કેન્દ્ર તરફથી મળતી સહાય અંગેના એક પ્રશ્નના જવાબમાં નિતીન પટેલે કહ્યું હતું કે કેન્દ્ર રાજ્યોને જે સહાય કરે છે તેમાં તે દયાદાન કરતી નથી. રાજ્યોનો અધિકાર છે અને તે રાજ્યોને મળે છે. વેટ છે ત્યાં સુધી કોઇ ચીડમાં તે હળવું કરવાનું આયોજન નથી.

ચૂંટણી ઢંઢેરામાં કરેલી એફોર્ડેબલ હાઉસિંગની જાહેરાત પ્રમાણે યોજના પાંચ વર્ષમાં પૂર્ણ કરાશે

મૂલ્યવર્ધિત વેરા (વેટ)માં રાહતો

- ઉચ્ચક વેરા અંગેની જોગવાઇના લાભો રાજ્યના વધુ વેપારીઓને ઉપલબ્ધ થાય તે હેતુથી કલમ -૧૪ હેઠળની કુલ ટર્નઓવરની મર્યાદા રૂા. ૫૦ લાખથી વધારી રૂા. ૭૫ લાખ કરવા દરખાસ્ત
- આ જોગવાઇથી રાજ્યના અંદાજીત વધુ ૨ ૩૦૦૦ વેપારીઓને ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ પ્રાપ્ત થશે.
- રૂા. ૭૫ લાખ સુધીનો ટર્નઓવર ધરાવતા વેપારીઓને ઉચ્ચક કરની જોગવાઇનો લાભ મળવાપાત્ર થશે.
- સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિનાં સાધનોનો ખેતીમા વપરાશને પ્રોત્સાહન મળે તે માટે સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિનાં સાધનો પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી
- રાજ્યના વિદ્યાર્થીઓને રાહત મળી રહે તે હેતુથી તમામ પ્રકારની પેન્સિલ્સ, ફૂટ રૂલ્સ, સ્લાઇડ રૂલ્સ, મેથેમેટિકલ ઇન્સ્ટ્રુમેન્ટસ અને તેનાં બોક્સ, સ્કૂલ કલર બોક્સ, રબર ઇરેજર્સ તેમજ પેન્સિલ શાર્પનર્સ પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી
- ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકોને રાહત થાય તે હેતુથી પાટીવાળા પલંગમાં વપરાતી પ્લાસ્ટિકની નિવાર પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી
- અગરબત્તીનાં ભૂંસાને સંપૂર્ણ વેરામાફી
- કાર્બન ક્રેડિટના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી કાર્બન ક્રેડિટને વેટના કાયદાની અનુસૂચિ-૨ ની એન્ટ્રી-૪૧ હેઠળ અદ્રશ્ય કે અમૂર્ત પ્રકારના માલ તરીકે આવરી લઇ વધારાના વેરા સહિત ૫ ટકાનો દરે વેરાપાત્ર
- તમાકુમાંથી બનતી સિગારેટ પરનો હાલનો વેરાનો દર વધારાના વેરા સહિત ૨૫ ટકાથી વધારીને વધારાના વેરા સહિત ૩૦ ટકા
- સેકન્ડ હેન્ડ (યુઝડ) ટુ વ્હીલર્સ અને સેકન્ડ હેન્ડ (યુઝડ) કોમર્શિયલ વ્હીકલ્સ
- સેકન્ડ હેન્ડ (યુઝડ) ટુ વ્હીલર્સના વેચાણો ૧ ટકાના દરે (વધુમાં વધુ રૂા. ૫૦૦ સુધી) વેરાપાત્ર
- સેકન્ડ હેન્ડ (યુઝડ) મિડીયમ અને હેવી ડ્યુટી કોમર્સિયલ વ્હીકલ્સનાં વેચાણો ૧ ટકાના દરે (વધુમાં વધુ રૂા. ૫૦૦૦ સુધી) વેરાપાત્ર

અંદાજપત્રની વિશિષ્ટતાઓ

- વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા. ૧,૧૪,૪૫૦ કરોડની જોગવાઇ ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩ની રૂા. ૧,૦૧,૭૧૨ કરોડની જોગવાઇ સામે ૧૨.૨૫ ટકાનો વધારો દર્શાવે છે.
- વર્ષ ૨૦૧૩-૧૪નું આયોજન ખર્ચ વધીને રૂા. ૫૮,૫૦૦ કરોડ થશે જે વર્ષ ૨૦૧૨-૧૩ના આયોજન કદ રૂા. ૫૧,૦૦૦ કરોડ સામે ૧૪.૭૧ ટકાનો વધારો દર્શાવે છે.
- વિકાસલક્ષી ખર્ચ વધીને રૂા. ૭૬,૬૭૯ કરોડ છે. જે રૂા. ૩૫,૮૩૦ કરોડના બિન વિકાસલક્ષી કરતાં બમણાથી પણ વધારે છે.
- કુલ આવકનો અંદાજ વધીને રૂા. ૧,૧૩,૪૮૪ કરોડ થશે. જે વર્ષ ૨૦૧૨-૧૩ની સરખામણીમાં ૧૨.૨૧ ટકાનો વધારો દર્શાવે છે. અને મહેસૂલી આવક વધીને રૂા. ૮૫,૭૫૨ કરોડ થશે. જે ૨૦૧૨-૧૩ની સરખામણીમાં ૧૩ ટકાનો વધારો દર્શાવે છે.
- રાજ્યના તમામ કરવેરાઓની આવક વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા. ૬૦,૨૦૮ કરોડ થવાનો અંદાજ છે. જે ચાલુ વર્ષની અંદાજેલ આવક રૂા. ૫૧,૨૩૧ કરોડની સામે એકંદર ૧૭.૫૨ ટકાનો વધારો છે.

● અનુસંધાન પાન-૭ પર

વાર્ષિક યોજના અંતર્ગત ૫૮૫૦૦ કરોડ ખર્ચાશે

વર્ષ ૨૦૧૨-૧૩ની સરખામણી વાર્ષિક યોજનાના કદમાં ૧૩ ટકાનો વધારો

ગાંધીનગર,તા. ૨૦

વર્ષ ૨૦૧૩-૧૪માં રાજ્ય સરકારે યોજનાકીય ખર્ચ પેટે રૂ. ૫૮,૫૦૦ કરોડ ખર્ચવાનો નિર્ણય કર્યો છે. નાણામંત્રી નીતિન પટેલે રજુ કરેલા બજેટમાં વાર્ષિક યોજનાના આ કદની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સૌથી વધુ આરોગ્ય, શિક્ષણ સહિતની સામાજીક સેવાઓ માટે રૂા. ૨૪,૫૮૬ કરોડ ખર્ચવાનો અંદાજ દર્શાવ્યો છે. ત્યારબાદ રૂ. ૧૨,૬૬૦.૧૨ કરોડ સિંચાઈ અને પુર નિયંત્રણ માટે ખર્ચાશે તેવો અંદાજ મુકાયો છે.

આજે વિધાનસભાગૃહમાં નાણામંત્રી નીતિન પટેલે વર્ષ૨૦૧૩-૧૪નું વાર્ષિક આયોજનની જાહેરાત કરવા અગાઉ જણાવ્યું હતું કે ગુજરાતની આર્થિક ક્ષમતા અને લોકકલ્યાણની દિશામાં કરેલા સફળ આયોજનને રાજ્ય સરકારે કર્યા છે. દેશમાં ૨૦૧૨-૧૩માં તમામ રાજ્યોની સરેરાશ માથાદીઠ આયોજન રૂા. ૪૬૫૩ની સામે રાજયમાં માથાદીઠ આયોજન રૂા. ૮૪૪૬ રાખવામાં આવ્યું હતું. જેને લઈને વર્ષ૨૦૧૩-૧૪માટેની વાર્ષિક યોજનાનું કદ રૂા. ૫૮,૫૦૦ કરોડનું નિયત કરાયું છે જે૨૦૧૨-૧૩ કરતા આશરે ૧૩ટકા વધુ છે.રાજ્ય સરકાર દ્વારા વર્ષ૨૦૧૩-૧૪ માટે આજે રજુ કરાયેલી વાર્ષિક યોજનાના કદમાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે રૂા. ૩૭૬૩.૫૭, ગ્રામિણ વિકાસ માટે રૂ. ૧૬૬૪.૧૩ કરોડ, ખાસ વિસ્તાર કાર્યક્રમ પાછળ રૂા. ૨૨૯.૪૫ કર્યો. સિંચાઈ અને પુર નિયંત્રણ પાછળ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે અંદાજપત્રમાં એક હજાર કરોડની જોગવાઈઓ

સ્વર્ણિમ પાર્કનો વિકાસ, પંચામૃતભવનના નિર્માણ-મેટ્રોરેલ યોજના સહિતના વિકાસકામોનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વિકાસના કામો માટે રૂ. એક હજાર કરોડની મોટી જોગવાઈઓ આજે રાજયના નાણાંમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં રજુ કરેલા અંદાજપત્રમાં સૂચવી છે.

રાજયના અંદાજપત્રમાં પાટનગર યોજના માટે ગત વર્ષે ફાળવવામાં આવેલી રકમ યથાવત રાખવામાં આવી છે. રૂ. ૨૩૫ કરોડની જોગવાઈઓ ગત વર્ષે સૂચવવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર - સચિવાલય વિધાનસભા પરિસરને જોડતા સ્વર્ણીમ પાર્કના વિકાસ તેમજ પંચામૃત ભવન બનાવવા માટે રૂ. ૬૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. જે પૈકી ૩૦ કરોડ સ્વર્ણીમપાર્ક નજીક આકાર પામેલ ગાંધીવનમાં જુદા જુદા આર્ટફિશિયલ ઈન્સ્ટ્રુમેન્ટસ્ માટે ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની સરકારી કચેરીઓ માટે બહુમાળી મકાનના નવા બે બ્લોક માટે રૂ. ૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટીને જોડતાં સિગ્નેચર બ્રીજના બાંધકામ માટે રૂ. ૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રાજયના અંદાજપત્રમાં અમદાવાદ-ગાંધીનગરને રેલ માર્ગથી જોડવા માટે મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે રૂ. ૫૫૦ કરોડની જોગવાઈની જાહેરાત કરી હતી. જેને સભ્યોએ પાટલીઓ થપથપાવી આવકારી હતી.

આજે રજુ કરેલા અંદાજપત્રમાં તેમણે મહાનગરપાલિકા વિસ્તામાં નવી સબ-રજીસ્ટ્રાર અને સીટી સર્વેની કચેરી શરૂ કરવા માટેનો સંકેત આપી જરૂરી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હોવાનું પણ જણાવ્યું હતું.

સોલાર સીટી ગાંધીનગરના પ્રોજેક્ટને આગળ ધપાવવાની ખાત્રી આપતાં નાણાંમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખાનગીક્ષેત્રની ભાગીદારી દ્વારા સૌર ઊર્જાટેકનોલોજી દ્વારા પાવર જનરેશન પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવશે.

પંડિત દિનદયાલ ભવન ખાતે હોસ્ટેલ રેકટર નિવાસ સહિતની સુવિધાઓ ઉભી કરવા માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં સેન્ટ્રલ વિસ્ટાના બીજા તબક્કાની કામગીરી પણ આ વર્ષે જ હાથ ધરવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.